RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 141* Date: 19.03.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ૭૦ જિલ્લામાં દર્દીઓની સંખ્યામાં ૧૫૦ ટકાનો વધારો, રાજ્યોને ટેસ્ટિંગ વધારવા નિર્દેશ

# દેશમાં કોરોનાએ ગતિ પકડીઃ ૨૪ કલાકમાં ૩૫ હજાર પોઝિટિવ કેસ નોંધાયા

### એક દિવસમાં સૌથી વધુ ૧૭૨ના મોત, અત્યાર સુધીમાં ૧.૬ લાખ લોકોના મોત, એકલા મહારાષ્ટ્રમાં જ સૌથી વધુ કુલ કેસમાંથી ૬૪% કેસ નોંધાયા છે

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના વાઈરસની સ્થિતિ ધીમે-ધીમે બગડી રહી છે. દેશમાં આ વર્ષે પહેલીવાર કોરોના વાઈરસના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. દેશમાં આજે પહેલીવાર કોરોનાના ૩૫ હજારથી વધારે કેસ નોંધાયા છે. આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૮૭૧ નવા કેસો સામે આવ્યા છે. આ દરમિયાન દેશમાં ૧૭૨ લોકોના મોત થયાં છે. આ સાથે દેશમાં કોરોનાનો આંકડો વધીને ૧.૧૪ કરોડને પાર થયો છે.

આરોગ્ય વિભાગના આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોના સંક્રમણના અત્યાર સુધીમાં કુલ ૧,૧૪,૭૪,૬૦૫ કેસ સામે આવી ચુક્યાં છે. જોકે તેમાં ૧,૧૦,૬૩,૦૨૫ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો પણ સતત વધી રહ્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો વધીને ૨,૫૨,૩૬૪ થયાં છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧,૫૯,૨૧૬ લોકોના મોત થઈ ચુક્યાં છે.

દેશમાં ફરી એકવાર કોરોનાના એક્ટિવ કેસ વધીને અઢી લાખને પાર થઈ ચુક્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૭,૯૫૮ એક્ટિવ કેસ વધ્યા છે. તેનાથી એક્ટિવ કેસનો દર વધીને ૨.૨૦% થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૭૪૧ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. તેનાથી રિકવરી રેટ વધીને ૯૬.૪૧% થયો છે. ભારતમાં કોરોના મૃત્યું દર હાલ ૧.૩૯% થયો છે. કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે ફરી એકવાર અનેક રાજયોમાં સખ્તી લાગૂ કરવામાં આવી રહી છે. ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજયોના મોટા શહેરોમાં રાત્રિ કરફ્યૂ લગાવવા જેવા સખ્ત પગલાં ભરવાં પડ્યાં છે. ગુજરાતના ચાર મહાનગરોમાં રાત્રીના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યૂ લગાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્રની સ્થિતિ હજુ પણ સૌથી ખરાબ છે. અહીં કુલ કેસમાંથી ૬૪% કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૨૩,૧૭૯ નવા કેસ નોંધાયા છે. અહીં ૬ મહિના પછી આટલા બધા કેસ એક જ દિવસમાં નોંધાયા છે. આ પહેલા ૧૭ સપ્ટેમ્બરે રાજયમાં ૨૪,૬૧૯ કેસ નોંધાયા હતા, મહારાષ્ટ્રમાં મંગળવારની સરખામણીમાં બુધવારે ૩૦% વધુ કેસ નોંધાયા છે. રાજયમાં કુલ કેસનો આંકડો ૨૩,૭૦,૫૦૭ પર પહોંચ્યો છે. ૧થી ૧૭ માર્ચ દરમિયાન ૪ વખત જૂના કેસોના રેકોર્ડ તૂટ્યા છે. દેશમાં કુલ ૩,૭૧,૪૩,૨૫૫ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી ચૂકી છે. ભારતમાં ૧ માર્ચ, ૨૦૨૧થી કોરોના વેક્સીનેશન



અભિયાન રાઉન્ડ-૨ની શરૂઆત થઈ હતી. જે હેઠળ ૬૦ વર્ષની ઉપરના અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો જે કોઈ ગંભીર બિમારીથી પીડિતછે તેમનુ રસીકરણ કરવામા આવી રહ્યુ છે. આ પહેલા દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી કોરોના રસીકરણ અભિયાનના પહેલા રાઉન્ડની શરૂઆત થઈ હતી. જેમાં હેલ્થ વર્કર્સ અને ફ્રંટલાઈન વર્કર્સને રસી આપવામાં આવી હતી.

## એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા દૂર કરાશેઃ ગડકરી



ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં મોટી જાહેરાત કરી છે. નીતિન ગડકરીએ જાહેરાત કરતા કહ્યું છે કે સરકાર આગામી એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા ખતમ કરવાની યોજના પર કામ કરી રહી છે. આવનાર સમયમાં ટેક્નોલોજીની મદદથી લોકોએ એટલો જ ટોલ ચૂકવવો પડશે જેટલું તેઓ હાઈવે પર મુસાફરી કરશે. અમરોહાથી બસપા સાંસદ કુંવર ડેનિશ અલીએ ગાઢ મુક્તેશ્વર પાસેના રસ્તા પર નગર નિગમની સરહદ પાસે ટોલ પ્લાઝા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સવાલનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે ગત સરકારે માર્ગ પરિયોજનાઓ ઠેકાઓમાં થોડી વધુ મલાઈ ખાવા માટે આવા અનેક ટોલ પ્લાઝા બનાવતી ગઈ છે. જે નગર સીમા પર છે. તે ચોક્કસ ખોટું છે અને અન્યાયી છે. નીતિન ગડકરીએ કહ્યું કે હવે જો આ ટોલ પ્લાઝા હટાવવા જઈશું તો રોડ રસ્તો બનાવનાર કંપની વળતર માંગશે. પરંતુ, સરકારે આગામી એક વર્ષમાં દેશમાંથી તમામ ટોલ ખતમ કરી દેવાની યોજના બનાવી છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ટોલ ખતમ કરવાનો અર્થ ટોલ પ્લાઝા ખતમ કરવાનો છે. હવે સરકાર એવી ટેક્નોલોજી પર કામ કરી રહી છે જેમાં તમે હાઈવે પર જ્યાંથી પણ ચઢશો, ત્યાંથી જ તમારા જીપીએસની મદદથી કેમેરા તમારો ફોટો પાડશે અને જ્યાંથી પણ તમે હાઈવે પર થી ઉતારશો ત્યાંનો ફોટો પાડશે અને આટલા અંતરનો જ ટોલ આપવો પડશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૨૭૬

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૮૨૪૪૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૩

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૮૯૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૨૩૩૨

### પુરુલિયામાં ચૂંટણી રેલીમાં વડાપ્રધાન વિપક્ષ પર ગર્જ્યા

## ટીએમસીનો મતલબ ટાન્સફર માય કમિશનઃ મોદીના મમતા પર પ્રહાર

*પુરુલિયા,તા.૧૮*

ગુરુવારે પશ્ચિમ બંગાળના પુરુલિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રેલીને સંબોધન કર્યું હતું. મોદીએ તેમના ભાષણની શરૂઆત બાંગ્લા ભાષામાં જ કરી. તેમણે કહ્યું હતું કે દીદીને બંગાળના લોકોનાં હિતોથી વધુ ખેલની ચિંતાની પડી છે, જોકે દીદી એ ભૂલી રહ્યાં છે કે આ વખતે બંગાળના લોકો તેમના વિરોધમાં છે. દસ વર્ષના દુશાસનની સજા લોકો તેમને આપશે.

તેમણે કહ્યું હતું કે દસ વર્ષના તુષ્ટિકરણ પછી લોકો પર લાકડીઓ-ડંડા ચલાવ્યા પછી હવે મમતા દીદી અચાનક બદલાયેલાં જોવા મળ્યાં છે. આ હૃદય પરિવર્તન નથી હારનો ડર છે. દીદી આ બધું કરતી રહી, દરેક રીતે રમતી રહી, જોકે એ ન ભૂલો કે બંગાળના લોકોની યાદશકિત ખૂબ જ તીવ્ર છે. તેમને યાદ છે કે તમે ગાડીમાંથી ઊતરીને કેટલા લોકોને ફટકાર્યા હતા.

અમારા માટે તો દીદી પણ ભારતની જ એક છોકરી છે, તેમનું સન્માન કરવું એ અમારા સંસ્કારોમાં છે. જ્યારે તેમને ઈજા થઈ તો મને પણ ચિંતા થઈ. મારી પ્રાર્થના છે કે તેઓ ઝડપથી સાજા થઈ જાય. સાથીઓ, પશ્ચિમ બંગાળ ત્યારે જ પ્રગતિ કરી શકે છે, જયારે વિકાસપ્રક્રિયામાં તમામ પક્ષો એક થાય. તેમણે રાજયના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ પર નિશાન સાધ્યું. આ દરમિયાન તેમણે TMCનું ફુલ ફોર્મ જણાવતા રાજ્ય સરકાર પર કમિશન લેવાનો શિકંજો કસ્યો. જ્યારે તેમણે મંચ પરથી નંદીગ્રામમાં પ્રચાર દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા મમતા બેનર્જી સ્વાસ્થ થવાની કામના કરી, તેમણે સરકાર પર માઓવાદીઓનું સમર્થન કરવાનો આરોપ લગાવ્યો છે.

અહીં તેમણે TMCનો અર્થ જણાવતા કહ્યું કે, TMCનો અર્થ ટ્રાન્સફર માય કમિશન છે. ભાજપ બંગાળ સરકાર પર સતત તોડબાજી અને કમિશન લેવાનો આરોપ લગાવી રહ્યું છે. આ દરમિયાન મમતાના ખેલ હોબેના નારા પર નિશાન સાધતા તેમણે કહ્યું, દીદી બોલે ખેલા હોબે, ભાજપ બોલે ચાકરી હોબે, દીદી બોલે ખેલા હોબે, ભાજપ બોલે વિકાસ હોબે. દીદી બોલે ખેલા હોબે, ભાજપ બોલે શિક્ષા હોબે. ખેલા શેષ હોબે, વિકાસ આરંભ હોબે.

TMC પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ટીએમસી સરકારે કંઈ નથી કર્યું પરંતુ પુરુલિયાને પાણીની સમસ્યા સાથે છોડી દીધું. TMC રમત રમવામાં લાગેલી છે. તેમણે ખેડુતોને છોડી દીધાં છે. આ લોકોએ પુરુલિયાના લોકોના જીવનને જળ સંકટમાં છોડી દીધાં છે. તેમણે પુરુલિયાને પછાત ક્ષેત્ર બનાવવાનો આરોપ લગાવ્યો.

બંગાળ વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન મોદીની આ રેલી એક મોટા અભિયાન તરીકે જોવામાં આવી રહી છે. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળના લોકો ૧૦ વર્ષો સુધી ખરાબ શાસન માટે મમતા બેનર્જીને સજા આપશે. તેમણે રાજ્યની જુની સરકારો પર વિકાસ નહી કરવાનો આરોપ લગાવ્યો. વડાપ્રધાને કહ્યું કે લેફ્ટ અને તે બાદ ટીએમસી સરકારે પુરુલિયામાં ઉદ્યોગો વિકસિત નહી થવા દીધાં, સિંચાઈ માટે જેવું કામ કરવાનું હતું તેવું નથી થયું.

### દિલ્હીમાં કોરોના સંક્રમણ વધતા હવે દરરોજ સવા લાખ રસી લગાવવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં ફરી એકવાર કોરોના વાયરસ બેકાબુ થઈ ગયો છે, કોરોનાનાં નવા દર્દીઓ વધી રહ્યા છે, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગુજરાત અને દિલ્હી સહિત ઘણા રાજયોમાં સ્થિતી ભયાનક બનતી નજરે પડી રહી છે, કોરોના સંક્રમણમાં વેગ આવતો જોઈને દિલ્હીનાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ઈમર્જન્સિ બેઠક બોલાવી છે, ત્યાં જ મહારાષ્ટ્રમાં એક જ સ્કુલમાં ૩૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો કોરોના સંક્રમિત થઈ ગયા છે. ત્યાર બાદ સ્કુલને સીલ કરી દેવામાં આવે છે.

### ગંભીરતાથી નહિ લેવામાં આવે તો કોરોના સીઝનલ બીમારી બની જશેઃ યુએન

યુએન,તા.૧૮

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં કોરોનાવાયરસ મહામારીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે અને વિદેશમાં તો બીજી લહેર અત્યંત ઘાતક નીવડી છે ત્યારે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ ને એવી ચેતવણી આપવામાં આવી છે કે જો ગંભીરતાથી લક્ષ્ય આપવામાં ન આવે તો આ બીમારી સીઝનલ પણ બની શકે છે.

યુનોના નિષ્ણાંતોએ એમ કહ્યું છે કે જો આ મહામારી લાંબી ચાલશે તો ભયંકર પરિણામ આવી શકે છે અને તે સીઝનલ બીમારી પણ બની શકે છે અને કાયમ વિશ્વ આખાને પડકારી શકે છે. રિપોર્ટમાં એવી હકીકત રજુ કરવામાં આવી છે કે ચીનમાં પ્રથમવાર કોરોનાવાયરસ સામે આવ્યા બાદ એક વર્ષના ગાળા પછી અનેક રહસ્યો એ આ બીમારીને ઘેરી લીધી છે.

અત્યાર સુધી કોરોનાવાયરસ ને લીધે દુનિયાભરમાં ૨૦.૭ લાખ લોકો ના મૃત્યુ થઇ ગયા છે અને બીજી બાજુ દુનિયાભરમાં રસી પણ આપવામાં આવી રહી છે આમ છતાં કોરોનાવાયરસ નો ખતરો સતત દુનિયાભરમાં વધી રહ્યો છે તે ચિંતાની બાબત છે.

આ પ્રકારની સ્થિતિ એવી શંકા પેદા કરી રહી છે કે જો આ મહામારી સીઝન વાયરસ માં પરાવર્તિત થઈ જાય તો દરેક બદલતી મોસમમાં લોકોએ તેની સામે લડતા રહેવું પડશે અને દુનિયા આખી સામે એક ભયંકર પડકાર કાયમી ધોરણે માથા પર ઝળુંબતો રહેશે.

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ હવામાન સંગઠન દ્વારા રચવામાં આવેલી ક્રાંતિને ટીમ દ્વારા ખાસ પ્રકાર નું સંશોધન કરવામાં આવ્યું છે અને હવામાં વિજ્ઞાન તેમજ વાયુ ગુણવત્તા ની અસર આ અંગે તપાસ કરવામાં આવી છે અને આ અભ્યાસ દરમિયાન એવો સંકેત મળ્યો છે કે કોરોનાવાયરસ મહામારી સીઝનલ વાયરસ તરીકે પરાવર્તિત થઈ શકે છે અને તે જોખમ બનેલું છે.

## રાજયમાં લોકડાઉન નહીં લાગે, રસીકરણ વધારીશુંઃ મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર,તા.૧૮

રાજયમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસો સતત અને ઝડપથી વધી રહ્યા છે, ત્યારે રાજયમાં લોકડાઉન આવશે કેમ તે અંગે સીએમ રુપાણી દ્વારા મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે. આજે ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં રુપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં લોકડાઉન નહીં આવે. હોળીની ઉજવણી થવા દેવી કે કેમ તે અંગે પણ સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું.

રુપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦માં ગુજરાતે કોરોના સામે મોટો જંગ ખેલ્યો હતો. જોકે, ફેબ્રુઆરીમાં સમગ્ર દેશની સાથે રાજ્યમાં પણ કેસોમાં મોટો ઘટાડો થતાં લોકો એક પ્રકારે બેફિકર થઈ ગયા હતા અને કોરોનાને હળવાશથી લેવા લાગ્યા હતા. જેના કારણે નિયમોનું ચૂસ્તતાથી પાલન નહોતું થયું. જેના કારણે એક સમયે રાજ્યમાં રોજના કેસો ૩૦૦થી નીચે જતાં રહ્યાં હતાં તે હવે ૧૧૫૦ની આસપાસ આવી ગયા છે.

રસીકરણ અંગે તેમણે જણાવ્યું કે, દૈનિક ૩ લાખ લોકોનું રસીકરણ થાય તેવી સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત દરરોજ ૭ હજાર ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે. કોરોના દર્દીઓનું ટ્રેસિંગ અને ટેસ્ટિંગ કરાશે. દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ સક્રિય રીતે કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ તેમણે લોકોના સોશિયલ ડિસ્ટેંસ જાળવવાની અપીલ પણ કરી છે. રુપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે ફરી કોરોના હોસ્પિટલોને કાર્યરત કરવાની તૈયારી કરી છે. આ ઉપરાંત, કોરોનાનો જેને ચેપ લાગ્યો છે તેમના સંપર્કમાં આવેલા લોકોને શોધવાની સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સીએમે જણાવ્યું હતું કે, કોરોનાની ટ્રીટમેન્ટ માટે અગાઉ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં અગાઉ જે વ્યવસ્થા હતી તે જ ફરી ઉભી કરાઈ રહી છે. કેસના વધારાના પ્રમાણમાં છ ગણા બેડની વ્યવસ્થા કરી દેવાઈ છે, જેથી બેડની શોર્ટેજ ના સર્જાય.

ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યુનું ચૂસ્ત પાલન કરવામાં આવશે તેમ કહેતા રુપાણીએ જણાવ્યું હતું કે માસ્કનો નિયમ પણ કડકાઈથી અમલી કરાવવામાં આવશે, અને કોઈપણ જગ્યાએ ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. લોકડાઉન અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં આપણે આ સ્થિતિનો સામનો કરી ચૂક્યા છીએ અને તે વખતે પણ લોકડાઉન નહોતું કરવામાં આવ્યું, જેથી હાલ લોકડાઉનનો ભય રાખવાની જરુર નથી.

### રાષ્ટ્રીય સ્તરે એનઆરસી લાગુ કરવાનો કોઈ નિર્ણય નથીઃ સરકાર

ન્યુ દિલ્હી,તા.૧૮

નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવાનો કોઈ નિર્ણય લેવાયો નથી, તેવું કેન્દ્ર સરકારે કહ્યું હતું. કેન્દ્રીય ગૃહપ્રધાન (રાજયકક્ષા) નિત્યાનંદ રાવે રાજયસભામાં જણાવ્યું હતું કે ×રાષ્ટ્રીય સ્તરે એનઆરસી તૈયાર કરવાનો કોઈ નિર્ણય હજુ સુધી લેવાયો નથી. સુપ્રીમ કોર્ટની દેખરેખમાં આસામમાં એનઆરસી અપડેટ કરવામાં આવી હતી. ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ તારીખે એનઆરસી પ્રકાશિત કરવામાં આવી હતી.

સિટિઝનશિપ એક્ટ ૧૯૫૫ અને એનઆરસી હેઠળ 'અટકાયતી કેન્દ્રો'ની કોઈ જોગવાઈ નથી તેવું નિત્યાનંદ રાયે એક અન્ય પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના વિસ્ફોટ વધુ પ્રમાણમાં પાબંધી લાવશે કે શું.....?

દેશમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે એક દિવસમાં ૩૫૮૦૦ થી વધુ કેસો સામે આવ્યા છે. અને ૧૭૨ ના મૃત્યુ થયા છે. કોરોનાના કુલ કેસોનો આંક એક ૧,૧૪,૭૪,૭૧૬ ઉપર પહોંચી ગયો છે. એક્ટિવ કેસો આજની તારીખે ૨,૫૨,૩૭૨ છે જોકે સરકારે રસીકરણ અભિયાનમાં ૩ લાખ ૭૨ હજાર જેટલા લોકોને રસી આપી દીધી છે. પરંતુ દેશમાં અગાઉ જ્યા કોરોના કેસો હતા જ નહીં તેવા વિસ્તારોમાં કોરોના સંક્રમિત કેસો સામે આવતા કેન્દ્ર સરકાર તેમજ રાજ્યની સરકારો અને સમગ્ર આરોગ્ય તંત્ર દોડતું થઇ ગયું છે. આવી સ્થિતિને કારણે દેશના વડાપ્રધાનશ્રી મોદીજીએ દેશના રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે યોજેલી બેઠકમાં કહ્યું હતું કે ગત વર્ષે કોરોના સંક્રમણ જ્યા નહોતું પહોચ્યું ત્યાં અત્યારે કેસો નોંધાયા છે. ત્યારે જો ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પ્રસરશે તો તેને રોકવાનુ મુશ્કેલ પડી જશે... તે સાથે તેમણે મુખ્યમંત્રીઓને ખાસ સલાહ આપી હતી કે ટેસ્ટ- ટ્રેસ-ટ્રીટ તરફ વિશેષ ધ્યાન આપે તેનો સીધો મતલબ છે કે દેશમાં કોરોના ફેલાવાની ઝડપ થી વધતી જઈ રહી છે.જો કે વડાપ્રધાને માસ્ક,ડિસ્ટન્સ જાળવવા કોરોના નિયમોનું પાલન કરાવવા ખાસ ધ્યાન દોર્યુ હતું અને આવા સમયે સોશિયલ મીડિયા પર એક સંદેશો મોટા પ્રમાણમાં વાયરલ થઇ રહ્યો છે કે "ચૂંટણી રાજ્યો, રાજકીય કાર્યક્રમો સિવાયના તમામ વિસ્તારોમાં કોરોના ફરી વળ્યો છે. કોરોના રાજકીય પક્ષો અને તેના કાર્યક્રમોથી દૂર રહે છે". દેશમાં કોરોના કેસોની સંખ્યામા મહારાષ્ટ્ર, કેરળ,કર્ણાટક, ગુજરાત, પંજાબ, મધ્યપ્રદેશ સૌથી આગળ છે. તેમાં પણ મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં ૨૩૨૨૦ થી વધુ કેસ સામે આવ્યા છે અને ૧૭૬ ના મૃત્યુ થયા છે જ્યારેકે એક્ટીવ કેસ ૧,૫૨ લાખથી વધુ છે. એટલે ત્યાંની સરકારે મુંબઈ શહેરની શાળા- કોલેજો શરૂ કરવા મંજૂરી નથી આપી તો અનેક શાળા-કોલેજ કોચિંગ ક્લાસ પર પાબંદી ફરમાવી દીધી છે. નાગપુર જેવા અનેક શહેરોમાં લોકડાઉન કે કરફ્યુ જાહેર કરી દીધો છે.

ગુજરાતમાં એક જ દિવસમાં ૧૧૨૨ કેસો સામે આવ્યા છે. જેમાં સુરત અને અમદાવાદમાં કોરોના વિસ્ફોટ થતા બાગ, બગીચા, હોટેલો,રેસ્ટોરન્ટ,જીમ,સ્પોર્ટ ક્લબો, તથા લોકલ બસ વ્યવહાર પર પાબંધી ફરમાવી દીધી છે. સુરતમાં શાળા-કોલેજો, ટ્યુશન ક્લાસ, શહેરી બસો બીજા આદેશ ન થાય ત્યાં સુધી પાબંદી ફરમાવી દીધી છે. અમદાવાદમાં બીઆરટીએસ,એએમટીએસ બસો પર પાબંધી ફરમાવી દીધી છે. તે સાથે શહેરભરના બાગ- બગીચા, ગેમ ઝોન, પ્રાણીસંગ્રહાલય, કાંકરિયા, રિવરફ્રન્ટ પર પાબંધી ફરમાવી દીધી છે. અને આવા સમયે રાજ્યકક્ષાના મંત્રી શિવરાત્રી પર્વ પ્રસંગે વડોદરામાં કહે છે કે કોરોના ફેલાશે તો તેના માટે ભગવાન જવાબદાર..... પરંતુ કોરોના કેસોની સંખ્યા વધવા છતાં રાજકોટ જિલ્લા પંચાયતમાં પ્રમુખ- ઉપપ્રમુખો,નગરપાલિકાઓમાં પ્રમુખ- ઉપપ્રમુખ વગેરેની નિમણૂંકો થતાં ટોળાબંધ કાર્યકરો તેમના સ્વાગતમાં માસ્ક ધારણ કર્યા વગર ઉમટી પડ્યા હતા.... તો આને આપણે શું કહીશું....? રાજ્ય સરકારે કોરોના નિયમોનું પાલન કરાવવા આદેશ આપી દીધા છે તે સાથે તેનો ભંગ કરનાર સામે આકરા પગલાં લેવા માટેના આદેશો પણ આપી દીધા છે. તેમજ કોરોના રસીકરણ માટેની ઝડપ દોઢ લાખથી વધારીને ત્રણ લાખ સુધી રસીકરણ કરવા સુચના આપી દીધી છે. ત્યારે હવે કોરોના ફેલાવવા માટે પ્રજા જવાબદાર ગણાવાશે રાજકીય પક્ષો કે કાર્યકરોને નહીં.....! આ વાત સમજીને મોઢા પર માસ્ક બાંધવાનો ચૂકશો નહીં......નહીં તો દંડ.....

## કોરોનાના કેસો વધતાં રૂપાણી સરકાર જાગી

# ૮ મહાનગરોમાં સ્કૂલો ૧૦ એપ્રિલ સુધી બંધ રાખવા સરકારનો આદેશ

*ગાંધીનગર,તા.૧૮*

ગુજરાતમાં વધી રહેલા કોરોના સંક્રમણના કારણે ફરીથી લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી છે. રાજ્યના શિક્ષણ વિભાગે પણ એક મોટો નિર્ણય લીધો છે. જેમાં સરકારે સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આજે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાહેરાત કરી હતી.



એટલું જ નહીં, જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછળ ઠેલાશે. શાળા-કોલેજોની જાહેર થયેલી પરીક્ષાઓ પણ પાછી ઠેલવાનો નિર્ણય લીધો છે. માર્ચને બદલે એપ્રિલમાં પરીક્ષા લેવાશે. સરકાર હવે કોરોના સંક્રમણ ઓછું થાય પછી નવેસરથી સમય પત્રક જાહેર કરશે. ૧૦ એપ્રિલ સુધી ઓનલાઈન શિક્ષણકાર્ય બંધ રહેશે. હવે તમામ ધોરણના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવામાં આવશે. આ અંગે કોર કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્યના તમામ ૮ મનપામાં પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા શિક્ષણ કાર્ય કાલથી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ જ પ્રમાણે શાળાઓમાં રાજયના ૮ મહાનગરોમાં તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.માં આવતીકાલેથી શિક્ષણ કાર્ય બંધ રખાશે. એજ પ્રમાણે શાળાઓમાં રાજયના ૮ મહાનગરો માં તમામ પ્રાથમિક માધ્યમિક ઉ.માં ઓનલાઈન શિક્ષણ આપવામાં આવશે.

પરંતુ ૮ મહાગરપાલાકા સિવાય તમામ વિસ્તારોમાં માધ્યમિક ,ઉચ્ચતર માધ્યમક શાળામા સ્વૈચ્છિક રીતે આવવા માંગનાર વિદ્યાર્થી માટે ઓફલાઈન શિક્ષણ ચાલશે. અને પરીક્ષા ઓફલાઈન ચાલુ રહેશે. આમ, ૮ મહાનગરપાલિકા સિવાયના વિસ્તારોમા વિદ્યાર્થીઓને વિકલ્પ અપાયો છે. ૮ મહાનગરોને બાદ કરતા નાના શહેરોમાં પરીક્ષા યથાવત રહેશે.

ગત વર્ષે સ્કૂલ-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ૧૬ માર્ચથી બંધ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીથી ફેબ્રુઆરી દરમિયાન તબક્કાવાર ધોરણ ૬થી ૧૨ની સ્કૂલો અને કોલેજો ખોલવામાં આવી હતી, પરંતુ એક વર્ષમાં જ કોરોનીની સ્થિતિ ત્યાંની ત્યાં જ આવી જતાં ૧૮ માર્ચે ચાર મહાનગરોમાં ફરી સ્કૂલ-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# આપણો ખેડૂત ડૉલર કમાતો થાય એ દિશામાં આગળ વધવું છેઃ રૂપાણી

ગાંધીનગર,તા.૧૮

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ નાબાર્ડની ગુજરાત પ્રાદેશિક કચેરી આયોજિત સ્ટેટ ક્રેડીટ સેમિનારનું ગાંધીનગરમાં ઉદ્ઘાટન કર્યુ હતું. આ સંદર્ભમાં મુખ્યપ્રધાન રૂપાણીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે આપણા આઝાદીના શિલ્પીઓ એવા સ્વાતંત્ર્યવીરોની કલ્પનાનું સુજલામ-સુફલામ અને વિશ્વગુરૂ ભારત સુખી સમૃદ્ધ ભારત બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણ યોજનાઓમાં નાબાર્ડ જેવી ગ્રામીણ ક્ષેત્રની બેંકો સહિત રાષ્ટ્રિયકૃત બેંકો ''બઢ ચઢ કર હિસ્સા લે''તે હવેના સમયની માંગ છે.

તેમણે આ અવસરે વર્ષ ૨૦૨૧-૨૨ના સ્ટેટ ફોકસ પેપરનું વિમોચન તેમજ સરદાર કૃષિ યુનિવર્સિટી દાંતીવાડામાં શરૂ થનારા ગુજરાતના પ્રથમ નાબાર્ડ સ્પોન્સર્ડ રૂરલ બિઝનેસ ઈક્યુબેશન સેન્ટર માટેના મંજૂરી પત્રોનું વિતરણ કર્યુ હતું.

મુખ્યપ્રધાને આ અવસરે સ્પષ્ટ મત વ્યકત કર્યો કે આત્મનિર્ભર ભારત અને આર્થિક મહાસત્તા ભારતની લક્ષ્ય પૂર્તિ માટે ભારતે કમર કસી છે, ત્યારે વિકાસના રોલ મોડેલ તરીકે ગુજરાતની વિશેષ જવાબદારી છે. આપણી કૃષિ સમૃદ્ધ, તો ગામડું સમૃદ્ધ, ગામડું સમૃદ્ધ તો શહેર સમૃદ્ધ, અને શહેર સમૃદ્ધ તો રોજગારી, આર્થિક ગતિવિધિઓ સમૃદ્ધ એવા ધ્યેય સાથે પારદર્શી, નિર્ણાયક અને ઝડપી નિર્ણયો સાથે યોજનાઓ બનાવી રહ્યાં છીએ. તેમાં બેંકો માત્ર ક્રિયાકર્મ તરીકેની ઔપચારિકતાથી જોડાય તે પર્યાપ્ત નથી. એમ તેમણે બેંકોને ખેડૂતો,એમએસએમઇ, નાના વેપારીઓને સરળતાએ ધિરાણ-સહાય મંજૂર કરવાની તાકીદ કરતાં ઉમેર્યુ હતું.

રાજ્યના કૃષિપ્રધાન આર. સી. ફળદુએ રાજ્યમાં પાક વીમા સહાય, શૂન્ય ટકા વ્યાજે ધિરાણ, ગોડાઉન સહાય ઉપરાંત ટેકાના ભાવે ખરીદી વગેરેમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીના સંવેદનશીલ અભિગમથી ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનો નિર્ધાર પાર પડશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. કૃષિપ્રધાને નાબાર્ડના સ્ટેટ ફોકસ પેપરમાં પ્રાયોરિટી સેકટર માટે ૨ લાખ ૨૪ હજાર કરોડના પોટેન્શીયલ પ્રોજેકટશન માટે આભાર વ્યકત કર્યો હતો.

## જૂના વાહનોને લઇ સંસદમાં મોટી જાહેરાત, નવા વ્હીકલ પર મળશે ડિસ્કાઉન્ટ

ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં વ્હીકલ સ્ક્રેપ નીતિની જાહેરાત કરી. આ અંતર્ગત સરકાર હવે જુના વાહનોના સ્ક્રેપના બદલે નવા વાહનો ખરીદવા પર ગ્રાહકોને છૂટ આપવાની જોગવાઈ કરી રહી છે. ગડકરીએ જણાવ્યું કે આ પોલિસી હેઠળ જો કોઈ વ્યક્તિ પોતાનું જૂનું વાહન સ્ક્રેપિંગ (ભંગારમાં ) માટે આપે છે, તો નવા વાહનની ખરીદી પર તેને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ નીતિની ઘોષણા કરતા ગડકરીએ જણાવ્યું કે તેનાથી લોકોને નવા વાહનો ખરીદવામાં સરળતા થશે. સાથે જ સ્ક્રેપ સેન્ટરો, ઓટો ઈન્ડસ્ટ્રી અને વાહનના પાર્ટથી સંબંધિત ઉદ્યોગોને પણ નીતિનો લાભ મળશે. આંકડા રજૂ કરતાં ગડકરીએ જણાવ્યું હતું કે દેશમાં હાલ ૨૦ વર્ષ કરતા જુના ૫૧ લાખ વાહનો છે. આ ઉપરાંત, ૧૫ વર્ષથી વધુ જૂના ૩૪ લાખ વાહનો છે.

# ચોથા દિવસે શેરબજારમાં મોટો કડાકોઃ સેન્સેક્સમાં ૫૮૫ અંકનો ઘટાડો

મુંબઈ,તા.૧૮

આજે સપ્તાહના ચોથા દિવસે શેરબજાર ભારે ઉતાર ચઢાવ પછી લાલ નિશાન સાથે બંધ થયું છે. આજે શેરબજારમાં મોટો કડાકો નોંધાયો છે. બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈંડેક્સ સેન્સેક્સ ૫૮૫.૧૦ પોઈન્ટ એટલે કે ૧.૧૭ ટકા ઘટી ૪૯૨૧૬.૫૨ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૬૩.૪૫ પોઈન્ટ એટલે કે ૧.૧૧ ટકાના ઘટાડા સાથે ૧૪૫૫૭.૮૫ના સ્તરે બંધ થયો હતો. છેલ્લા સપ્તાહે બીએસઈનો ૩૦ શેર વાળો સેન્સેક્સ ૩૮૬.૭૬ પોઈન્ટ એટલે કે ૦.૭૮ ટકાના લાભમાં રહ્યો હતો. પરંતુ આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ઘટાડા સાથે બંધ થયો છે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે આઈટીસી, બજાજ ઓટો, હિંડાલ્કો, ગ્રાસિમ અને ભારતી એરટેલના શેર વધારા સાથે બંધ થયા હતા. જ્યારે ઈંફોસિસ, એચસીએલ ટેક, ડિવિસ લૈબ, ડોક્ટર રેડ્ડી અને હીરો મોટોકોર્પના શેર ઘટાડા સાથે બંધ થયા હતા.



અમેરિકામાં ફેડ રિઝર્વએ કહ્યું કે, દેશની આર્થિક ગ્રોથ અંદાજીત ૪૦ વર્ષમાં સૌથી મજબૂત છે. એટલા માટે વ્યાજદરોને જે હતા તે પ્રમાણે જ રાખવામાં આવ્યા છે. જેનાથી દૂનિયાભરની બજારમાં વધારો થશે. અમેરિકામાં કા ડાઓ જોંસ ૦.૫૮ ટકા વધીને ૩૩,૦૧૫ પોઈન્ટ ઉપર બંધ થયો હતો. તો જાપાનનો નિક્કેઈ ઈંડેક્સ ૧.૦૫ ટકા વધી ૩૦૨૨૭૫૨ પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈંડેક્સમાં પણ ૧.૫૧ ટકાનો વધારો થયો છે.આજે બજાર તેજી સાથે ખુલ્યુ હતું. શેરમાર્કેટની શરૂઆતમાં સેન્સેક્સ ૪૩૮.૧૨ પોઈન્ટ એટલે કે ૦.૮૮ ટકાના વધારા સાથે ૫૦૨૩૯.૭૪ના સ્તરે ખુલ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૩૪.૬૦ પોઈન્ટ એટલે કે ૦.૯૧ ટકાના વધારા સાથે ૧૪૮૫૫.૯૦ના સ્તરે ખુલ્યો હતો. બુધવારે સતત ચોથા દિવસે શેર બજાર લાલ નિશાન પર બંધ થયુ હતું. સેન્સેક્સ ૫૬૨.૩૪ પોઈન્ટ એટલે કે ૧.૧૨ ટકાના ઘટાડા સાથે ૪૯૮૦૧.૬૨ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૧૮૯.૧૫ પોઈન્ટ એટલે કે ૧.૨૭ ટકાના ઘટાડા સાથે ૧૪૭૨૧.૩૦ સ્તરે બંધ થયો હતો.

# કોંગ્રેસના ૬ સભ્યોના ટેકાથી ભાજપના બાગી ઉમેદવાર રાજેશ રાઠવા પ્રમુખ

છોટા ઉદેપુર,તા.૧૮

છોટાઉદેપુર તાલુકા પંચાયત માં ૨૬ બેઠકો માંથી ૨૦ બેઠકો ઉપર ભાજપ ના ઉમેદવારો વિજયી થતા છોટાઉદેપુર તાલુકા પંચાયત ભાજપે કોંગ્રેસ પાસે થી ખુંચવી લીધી હતી પરંતુ પ્રમુખ અંગે મંડાગાંઠ સર્જાતા ફરીથી કોંગ્રેસ ના મોમાં બગાસું ખાતા પતાસું આવ્યું હતું. જિલ્લા ભાજપ ના પદાધિકારીઓ દ્વારા જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયત માટે મેન્ડેટ જાહેર કરાયા હતા જેમાં છોટાઉદેપુર તાલુકા પંચાયત પ્રમુખ પદ માટે જયસિંહ હિંમતસિંહ રાઠવા અને ઉપપ્રમુખ પદ માટે રાજેશભાઈ રાઠવા નું નામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ ગત દિવસે પ્રમુખ પદ માટે ૨ ફોર્મ ભરાયા હતા. જયસિંહ રાઠવા એ ભાજપના મેન્ડેટ થી પ્રમુખ ની દાવેદારી નોંધાવી હતી જયારે રાજેશ રાઠવા એ પણ પ્રમુખ માટે દાવેદારી જાહેર કરી હતી. જેથી ભાજપની મોવડી મંડળ દોડતું થયું હતું. આજે તાલુકા પંચાયત ના સભાખંડ માં પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી યોજાતા ભાજપના બાગી ઉમેદવાર રાજેશ રાઠવા ને કોંગ્રેસ ના ૬ સભ્યોએ ટેકો જાહેર કરતા ૨૬ માંથી ૧૫ વોટ મેળવી વિજયી બન્યા હતા જયારે જયસિંહ રાઠવા ને ૧૦ મત મળ્યા હતા ઉપપ્રમુખ પદ માટે ભાજપના બરોજ બેઠક ના નકુંડીબેન સુરસીંગભાઈ રાઠવા ૧૫ મત મેળવી વિજેતા બન્યા હતા.

જયારે જયસિંહ રાઠવા પ્રેરિત ભાજપના કલ્પનાબેન રાઠવાને ૧૦ મત મળ્યા હતા . વિજેતા ઉમેદવાર રાજેશભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે હું પક્ષ વિરોધી નથી પરંતુ વ્યક્તિ વિરોધ ને કારણે આ કરવું પડ્યું છે. પ્રજા મારે માટે માતા સર્વોપરી છે. જયારે કોંગ્રેસ ના અગ્રણી યુવાનેતા સંગ્રામસિંહ રાઠવાએ જણાવ્યું હતું કે ભાજપ દ્વારા યુવા અને સાચા કાર્યકરોની અવગણના કરવામાં આવે છે.

## ભારત યાત્રા પહેલાં બ્રિટન વડાપ્રધાને મોદીના ભારોભાર વખાણ કર્યા

# જળવાયુ પરિવર્તન મુદ્દે ભારતે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં મહત્ત્વના પગલાં લીધા



લંડન,તા.૧૮

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસને ભારત પ્રવાસે આવે તે પહેલા જ મહત્વનું નિવેદન આપ્યું છે. બોરિસ જોનસને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભારોભાર વખાણ કર્યા છે. જોનસન આગામી મહિનનાના અંતમાં ભારત પ્રવાસે આવશે.

બોરિસ જોનસને પોતાના ભારત પ્રવાસ પહેલા જળવાયુ પરિવર્તનના મુદ્દે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બે મોઢે વખાણ કર્યા હતાં. જહોન્સને કહ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગ સામેની જંગમાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારતે અનેક મહત્વના પગલાં લીધા છે. તેમણે ભારતને પોતાનો મિત્ર ગણાવતા કહ્યું હતું કે, આગામી મહિનાની પ્રસ્તાવિત યાત્રા દરમિયાન વાર્તાના એજન્ડામાં ટકાઉ ભવિષ્ય માટે લંડન અને નવી દિલ્હીના જોઈન્ટ દ્રષ્ટિકોણ સહિત અનેક મુદ્દાઓ સામેલ થશે.

આઈસીડીઆરઆઈને સંબોધિત કરતા બોરિસ જહોન્સને તેની મેજબાની કરવા અંગે પીએમ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સંમેલન ડિજિટલ માધ્યમથી આયોજિત કરાયું છે અને પીએમ મોદીએ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન જહોન્સને જળવાયુ પરિવર્તન વિરુદ્ધ વૈશ્વિક લડતમાં નવીનકરણીય ઉર્જા જેવા ક્ષેત્રોમાં શાનદાર નેતૃત્વ અંગે પીએમ મોદીના વખાણ કર્યા હતાં. આ સાથે જ તેમણે ભારતના નેતૃત્વમાં તથા બ્રિટનની સહ અધ્યક્ષતામાં ICDRI ની ઉત્કૃષ્ટ પહેલનું સ્વાગત કર્યું.

જહોન્સને કહ્યું હતું કે, આ પ્રકારના ગઠબંધનનું લક્ષ્ય ફક્ત એકબીજા સાથે શીખવાનું જ નથી પરંતુ તે નાના દ્વિપીય રાષ્ટોને મદદ પહોંચાડવાનું પણ છે જે જળવાયુ પરિવર્તનથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. ટકાઉ ભવિષ્ય માટે અમારી પાસે એક જોઈન્ટ દ્રષ્ટિકોણ છે અને હું પ્રધાનમંત્રી મોદી સાથે તેના પર વાતચીત માટે ઉત્સુક છું. જહોન્સન એપ્રિલના અંતમાં ભારત આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે બ્રિટનના પ્રધાનમંત્રીને ભારતના ગણતંત્ર દિવસના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરાયા હતા. પરંતુ કોરોના સંક્રમણને કારણે તેમનો પ્રવાસ સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્રમાં કોરોના સંકટ, એક જ દિવસમાં ૨૩ હજારથી વધુ કેસ નોંધાયા

મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ બેકાબૂ બન્યો છે, ત્યાં સંક્રમિત લોકોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૩,૧૭૯ નવા કેસ સામે આવ્યા, જે આ વર્ષમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમણના કુલ કેસ વધીને ૨૩,૭૦,૫૦૭ સુધી પહોંચી ગયા છે. ઉપરાંત ૮૪ લોકોનાં મોત નિપજ્યાં છે, જેની સાથે રાજ્યમાં મહામારીને લીધે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૫૩,૦૮૦ થઈ ગઈ છે. મુંબઈની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૭૭ કોરોનાના કેસ નોંધાયા અને ૮ લોકોનાં મોત નિપજ્યાં છે.આ દરમિયાન પાલઘર જિલ્લામાં એક આશ્રમ વિદ્યાલયના ૩૦ વિદ્યાર્થી અને એક શિક્ષક કોરોના સંક્રમિત મળ્યા છે. આ અઠવાડિયે બે વિદ્યાર્થીઓમાં લક્ષણ દેખાયા બાદ આ કેસ સામે આવ્યા છે. વિદ્યાલયમાં ૧૯૩ વિદ્યાર્થીઓમાંથી મંગળવારે ૩૦ વિદ્યાર્થીઓ આ વાયરસથી સંક્રમિત મળ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર સંક્રમિત બાળકો અને શિક્ષકની જિલ્લામાં કોવિડ-૧૯ કેન્દ્રમાં સારવાર ચાલી રહી છે.

# કોરોના રોકવા માટે શહેરમાં કર્ફ્યું નહી પણ ભાજપ કાર્યાલયમાં કર્ફ્યું લગાવોઃસાગઠીયા,દાઉદાણી

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણીની સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે રાજકોટ હોય કે ગુજરાત કે પછી આખો દેશ. ભાજપ પહેલા લોકોને કોરોનાના ખપ્પરમાં હોમી દેવાના કાર્યક્રમો કરે છે અને લોકો હોમાવાના ચાલુ થાય પછી બળેલાને મલમ લગાડે છે પોતે પોતાની ભૂલ ક્યારેય સ્વીકારતા નથી ગુજરાતમાં ટ્રમ્પના કાર્યક્રમ પછી કોરોનાએ ફૂફાડો મારી અનેક લોકોના જીવ લીધા હતા તે પણ ફક્ત ટ્રમ્પને જીતાડવા અને પોતાની વાહવાહી માટે તેના પ્રતાપે આખું ગુજરાત કોરોનામાં હોમાયું હતું તે આખું ગુજરાત જાણે છે તેવી ફરી એક ભૂલ ફરીવાર અમદાવાદમાં જ તે જ સ્થળે મોટેરા સ્ટેડિયમને પોતાનું નામ મોટું કરવા આખી દુનિયામાં પોતાના નામની જાહેરાત થાય અને ભારતના લોખંડી પુરુષ તેવા સન્માનનીય અને વંદનીય દેશ સેવક શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ના નામે હતું તે મેં મારા નામે કરાવી



(વશરામભાઈ સાગઠીયા)

લીધું તેવી જાહેરાત દેશ-વિદેશમાં કરવાનો હેતુ પોતાને મળેલી બહુમતી ના જોરે પાર પાડી દીધી છે દેશના મુખ્યમંત્રીઓની મીટીંગમાં કોરોનાનું સંક્રમણ ન વધે તેના માટે તમામ પગલા લો તેવી સલાહ આપણા વડાપ્રધાને આપી છે અને દેશના નાગરિકોને પણ આ કોરોનાની બીજી લહેર છે તેની સામે સતર્ક થઇ લડવાની સલાહ આપી પણ આ બીજી કોરોનાની લ્હેર ક્યાંથી ઉભી થઇ તેની વાત ન કરી, બીજી લ્હેર પણ ભાજપના પ્રતાપે જ ઉભી થઇ છે અને દેશ ફરી વખત કોરોનાના કહેરમાં ફસાઈ રહ્યો છે "પાણી નીકળી ગયા પછી પાળો બાંધવાની વાત" જેવું થાય છે લોકો તો નિયમો પાળે છે પણ ભાજપના નેતાઓ ખુલ્લેઆમ ભંગ કરે છે ચૂંટણીઓ પહેલા કોરોના સાવ ઘટી ગયો હતો અને ચુંટણીઓ પછી ફરીથી માથું ઊંચક્યું છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલે આજ સુધીમાં ૧૪૯૯૭ દર્દીઓ ની સારવાર કરી છે અને પ્રાઈવેટ હોસ્પિટલોએ પણ હજ્જારોની સારવાર કરી છે રાજકોટમાં સત્તાવાર આંકડા ૧૪૮ મૃત્યુ બતાવે છે પણ હજારોના કોરોનામાં મોત થયા છે જેની નોંધ સરકારી ચોપડે નથી પણ સમશાન ના ચોપડે છે ચૂંટણી પહેલા કોરોનાના ૧૦૦ થી નીચે સારવાર હેઠળ હતા તો આજે ૨૯૩ લોકો કોરોનાની સારવાર નીચે ફક્ત રાજકોટ માં જ છે.

આજે ફરીવાર કર્ફ્યુંની સ્થિતિ નો સામનો ગુજરાતની પ્રજાને કરવાનો વારો આવ્યો છે સરકાર અને તંત્રની કોરોના સામેની હાર દેખાડે છે. આ બધામાં અંતે તો હેરાન – પરેશાન જો કોઈ થયું હોય તો તે પ્રજા છે પ્રજા ઉપર કરોડોનો દંડ, પ્રજાને ભૂખમરો બેકારી સહન કરવી પડી, પ્રજા એ સ્વજનો ગુમાવવા પડ્યા લોકડાઉનથી હેરાન પરેશાન થયા તે પણ પ્રજા જ.

ભાજપના મેળાવડામાં હજારોની મેદની ભેગી કરવાની છૂટ અને પ્રજાને લગ્ન પ્રસંગ કે મરણમાં લોકો ભેગા થાય તો દંડનીય કામગીરી કરી છે તેમજ કોંગ્રેસના કોર્પોરેટરો કે આગેવાનો ફક્ત પાંચ જણા ભેગા થાય તો રાજકોટમાં કેસો થયા ના પુરાવા છે વિજયભાઈ એ ગુજરાતમાં કોરોના ને કાબુમાં લેવા ૧.૫ લાખથી વધારી ૩ લાખ લોકોને રસી રોજ મુકવા માટેની વાત કરી પણ પોતે મેળાવડા બંધ કરશે તેવી વાત નાં કરી જો મેળાવડા બંધ થાય તો ઓટોમેટિક કોરોના કાબુમાં આવે

હવે રાજકોટ અને ગુજરાતની પ્રજાએ જાગવાની જરૂર છે તેવું જો પ્રજાજનોને લાગતું હોય તો પ્રજા જાગે અને ભાજપને ભગાડે તેવી અમારી પ્રજા હિતમાં માંગણી છે તેવું યાદીના અંતમાં વશરામભાઈ સાગઠીયા અને મકબુલભાઈ દાઉદાણી એ જણાવ્યું છે.

# સંબંધ

સંબંધ બાધવા એ લોન લેવા જેટલા સહેલા હોય છે. અને સંબંધ નિભાવવા એ હપ્તા ભરવા જેટલા અઘરા હોય છે.

સંબંધ હોવાથી સંબંધ નથી બનતો , સંબંધ. નિભાવવા થી સંબંધ બને છે.

જે સંબંધો માં કદર ના થતી હોય ત્યાં થી વણાંક લઈ લેવો કારણ કે જેટલો સમય કરશો એટલા વધુ દુ:ખી થશો.

ધન થી નહીં પણ મન થી ધનવાન બનવું , કારણ કે મંદિર માં ભલે સુવર્ણ ના કળશ લાગેલા હોય , માથું તો પથ્થર ના પગથિયાં પર જ નમાવવુ પડે છે.

ભૂતકાળ અચૂક ભૂલી જજો પરંતુ એમાંથી મળેલી શિખામણ હંમેશા યાદ રાખજો.

સારા માણસો ની એક ખરાબ આદત હોય છે, એ સંબંધ ને તોડતાં નથી ઓછા કરી નાંખે છે.

લોકોને મદદ કરવા નો ભાવ રાખજો , કુદરત નો નિયમ છે, જે કુવા માંથી લોકો પાણી પીતાં હોય છે એ કુવો કયારેય સુકાતો નથી.

બદલો લેશો તો તેની ખુશી એકવાર મળશે અને માફ કરશો તો એનો ગર્વ આખી જિંદગી રહેશે.

દુ:ખ ને ભોગવનાર સમય જતાં સુખી થાય છે, પણ દુ:ખ ને આપનાર કયારેય પણ સુખી ના થઈ શકે.

જીવન માં પૈસા ની જરૂર દરેક જગ્યા પર નથી પડતી પણ પુણ્ય ની જરૂર દરેક જગ્યા પર પડે છે. આપણો પ્રયત્ન કયો ?

પૈસા વધારવા નો કે

-પુણ્ય વધારવા નો.

ભોળા માણસ ની હાય અને લાચાર માણસ ના આંસુએ દુનિયા ની સૌથી મોંઘી પ્રોડક્ટ છે. એનુ બીલ સીધું ઉપર વાળો જ ફાડે છે , બાકી કોઈ ની તાકાત નથી....

# સાકવા ગામે છોકરીના લગ્નના ઝઘડાની અદાવતે હુમલો

રાજપીપળા, તા.૧૮

સાકવા ગામે છોકરીના લગ્નના ઝઘડાની અદાવતે હુમલો કરતા દેડિયાપાડા પોલીસ મથકે ત્રણ ઈસમો સામે ફરિયાદ થઈ છે. ફરિયાદી મહેન્દ્રભાઈ ગવાલિયાભાઈ વસાવા(રહે,ખુળદી,હનુમાન ફળિયુ) એ આરોપી સંદીપભાઈ રાયસીંગભાઈ વસાવા,રજનીભાઈ મૂળજીભાઈ વસાવા, જેન્તીભાઈ સોમાભાઈ વસાવા ત્રણે (રહે,સાકવા) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપી સંદીપભાઈ, રજનીભાઈએ ફરિયાદી મહેન્દ્રભાઈને કહેલ કે તા. ૧/૩/૨૧ના રોજ ખુળદી ગામે તારાભાઈના છોકરીના લગ્નમાં તમારા ગામના છોકરાઓ એ અમારી સાથે ઝઘડો કરે,ત્યારે તું કેમ વચ્ચે પડેલ હતો. તેમ કહી આરોપી સંદીપભાઈ તથા જેન્તીભાઈ એ તેઓને પકડી રાખી ઢીકાપાટુનો મારમારી તથા આરોપી રજનીભાઈ એ પંચ વડે ડાબા હાથમાં, જમણા પગમાં તથા જાંઘમાં તેમજ છાતીના ભાગે અને બરડાના ભાગે ઈજાઓ પહોંચાડી મા બેન સમાણી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, એકબીજાને મદદગારી કરી ગુનો કરતાં દેડીયાપાડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# મોડાસા : ડોક્ટર કંપા ગામે ખેતરમાં લટકતા વીજવાયર માં સ્પાર્ક થતા ૫ વીઘામાં ઘઉંનો પાક બળીને ખાખ



અરવલ્લી બ્યુરો મોડાસા

રવિ સિઝનનો મુખ્ય પાક ઘઉંની લણણીની શરૂઆત થઈ ગયી છે ત્યારે ખેતરો લહેરાતા ઘઉંના પાક પર ખેતરોમાંથી પસાર થતા વીજ વાયરો માં સ્પાર્ક થતા બળી ને ખાખ થઈ જવાની ઘટનાઓ ઠેર ઠેર બનતા ખેડૂતોમાં વીજતંત્રની લાલીયાવાડી સામે ભારે આક્રોશ ફેલાયો છે મોડાસા તાલુકાના ડોક્ટર કંપા ગામે રમણભાઈ પટેલે ૫ વીઘાના ખેતરમાં ઘઉંની ખેતી કરી હતી ત્યારે ઉભા ઘઉં વીજતારમાં સ્પાર્ક થતા બળીને ખાખ થઈ જતા ભારે અફડાતફડી મચી હતી ઘઉંના ખેતરમાં આગ લાગવાની ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ભારે જહેમત પછી આગ પર કાબુ મેળવતા આગ અન્ય ખેતરોમાં પ્રસરતા અટકી હતી ખેડૂતે વીજતંત્રની લાપરવાહી થી આગ લાગી હોવાનું જણાવ્યું હતું વીજતંત્રમાં ઝૂલતા વીજતાર અંગે વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવી હોવાનો ખેડૂતે આક્ષેપ કર્યો હતો

મોડાસા તાલુકાના ડોક્ટર કંપા ગામે રમણભાઈ નારણભાઈ પટેલે ૫ વીઘા ખેતરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું ચારેક મહિનાની ભારે જહેમત બાદ ખેતરમાં લહેરાતા ઘઉંના ના પાકમાં બુધવારે ખેતરમાંથી પસારથતા લચકાતા વીજવાયરો સામાન્ય પવનના લીધે ભેગા થઈ જતા તણખલા ઝરતા ઘઉંના ઉભા પાક માં આગ લાગતા અને પવનના લીધે ભડભડ સળગવાની સાથે આખા ખેતરમાં આગ પ્રસરી ઘઉં બળી ને ખાખ થઈ ગયા હતા ઘટનાની જાણ ગામમાં થતા ખેતરમાલિક સહીત આજુબાજુમાંથી ગામ લોકો દોડી આવી કૂવાના પાણી ટેક્કરમાં ભરી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી વીજફોલ્ટના પગલે ખેડૂતના ઘઉં બળીને ખાખ થઈજાતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યું હતું વીજતંત્રની બેદરકારીના પગલે ખેડૂતને વેંચતા ઘઉં ખરીદવાનો વારો આવ્યો હતો વીજતંત્ર કે સરકાર દ્વારા આગ લાગવાથી ખેડૂતોને સહન કરવી પડતી નુકશાની ભરપાઈ કરવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ પ્રબળ બની છે

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે

સાત પદ્ય રચનાઓ આપેલ વિષય ના ત્રીજા દિવસે પ્રસિદ્ધ કરવામાં આવી છે

વિષય .

શિક્ષણ,અભ્યાસ,તાલીમ,કેળવણી અને શિવરાત્રી

.. સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

---

**NOG SS No : 0091**

પ્રકાર: પદ્ય

શીર્ષક: શિવનો મહિમા

આવ્યો છે,આવ્યો છે. અલખધણી મારો આવ્યો છે.
આવ્યો છે, આવ્યો છે. ભોળો ભંડારી આવ્યો છે.
વાગે છે ,વાગે છે મંદિરમાં ઘંટનાદ વાગે છે.
નાચે છે ,નાચે છે. ભોળો તાંડવ બહુ નાચે છે.
બમ બમ ભોલે અલખ નિરંજન
અંગે ભસ્મ સ્મશાનની ચોળી,
સંગે લાવ્યો ભૂતોની ટોળી,
દુ:ખો ને હરવા આવ્યો રે, મારો ભોળો દિનાનાથ આવ્યો રે.
જય ભોલે ભંડારી તેરા વચન ન જાયે ખાલી.
હર હર મહાદેવ
કંઠે શોભતી રુદ્રની માળા,
અંગે લટકે ભોરિંગ કાળાં,
ભક્તોને તારવા આવ્યો રે.આવ્યો આવ્યો.
મહાદેવ આવ્યો રે.
હર હર મહાદેવ હર હર મહાદેવ
ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય
ગંગા નદીને મસ્તકે ધરતો,
આષાઢી ચંદ્રને મુગટમાં ધરતો,
પાપો સંહારવા આવ્યો રે આવ્યો, આવ્યો સદાશિવ આવ્યો રે.
હર હર ગંગે હર હર મહાદેવ
જય ભોલે ભંડારી.
કપાળે મોટું તિલક કરીને,
હાથમાં ડમરુ ત્રિશૂળ ધરીને,
દૈત્યોને મારવા આવ્યો રે. આવ્યો આવ્યો ભંડારી આવ્યો રે.
જય જય ભોલે અલખ નિરંજન. (૨)
દ્વાદશલિંગના દર્શન કરવા,
દુ:ખના ડુંગરો હળવા કરવા,
પુણ્યનું ભાથું ભરવા રે જાજો જાજો.દ્વાદશલિંગ જાજો રે.
હર હર મહાદેવ
અગડબમ અગડબમ ડાક વાગે ડમરુ
નાચે સદાશિવ ભાગે છે ભૂત.(૨)
જય ભોલે ભંડારી
હર હર મહાદેવ
ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

---

**NOG SS No: 0092**

પ્રકાર:-પદ્ય

શીર્ષક:-"દેવોના દેવ મહાદેવ"

ગંગાને જેણે જટામાં ધારી,
લલાટે ચંદ્રમાની શોભા છે ન્યારી,
કરે ત્રિશૂળને ડમરુ ધારી,
ને વહાલી જેને નંદીની અસ્વારી,
દેવોના દેવ મહાદેવ!
તુજ પર મારી શ્રદ્ધા છે ભારી.
સ્મશાન ભૂમિ તુજને પ્યારી,
અંગે ભસ્મ, સ્મશાનની ધારી,
ભૂતગણો કરે સેવા પ્યારી,
ને ગળે સર્પ માળ તે ધારી,
દેવોના દેવ મહાદેવ!
તુજ પર મારી શ્રદ્ધા છે ભારી.
જગ પર આવ્યું સંકટ ભારી,
પીધું વિષ ને રાખ્યું કંઠે ધારી,
ઓ નીલકંઠ!ઓ આશુતોષ!ઓ ત્રિપુરારી!
ઝૂકાવે મસ્તક દેવ,દાનવ અને નર-નારી,
દેવોના દેવ મહાદેવ!
તુજ પર મારી શ્રદ્ધા છે ભારી.
ગૌરી છે સદા તુજને પ્યારી,
કાર્તિકેય ને ગણેશ પર તને પ્રીતિ ભારી,
શિવ, શક્તિ વિણ અધૂરાં,શક્તિ,શિવ વિણ ના રહેનારી,
દર્શનથી નાસે દુ:ખ, ચિંતાઓ સારી,
દેવોના દેવ મહાદેવ!
તુજ પર મારી શ્રદ્ધા છે ભારી.

અલકા મહેતા,ગાંધીનગર

---

**NOG number: 0051**

વિષય: શિક્ષણ,કેળવણી,તાલીમ...

શીર્ષક: શિક્ષણનું અસ્તિત્વ

કલમ સાથે,
કાગળ પર,
સુવર્ણ અક્ષરોમાં,
ધરાવતું અસ્તિત્વ....!
શબ્દોના સંગમાં,
રચી દેતું મારા,
પુસ્તક પ્રેમનું,
ભાવિ અસ્તિત્વ...!
શિક્ષણની તાલીમ,
અભ્યાસ દ્વારા ,
પ્રાપ્ત કરવા,
અંગેનું અસ્તિત્વ...!
શિક્ષકોની કેળવણી,
વિદ્યાર્થી જીવન માટે ,
વિજ્ઞાન પ્રવાહોમાં,
સાક્ષરતાનું અસ્તિત્વ....!
શિક્ષકોનું અભિયાન,
વિદ્યાર્થી માર્ગદર્શન,
જ્ઞાનરૂપી શિક્ષણનું,
સાહિત્યનું અસ્તિત્વ...!
શિક્ષણનું અસ્તિત્વ...!

ઉર્વશી મહેતા,અમદાવાદ.

---

**NOG SS NO:0044**

વિષયઃ- શિક્ષણ, કેળવણી, તાલિમ, અભ્યાસ.

વિભાગઃ- પદ્ય.

શીર્ષકઃ- વેકેશન.

કેવું વેકેશનને કેવી મજા
ગૃહકાર્યની ભરમારમાં!
અલગ અલગ વિષય,
અલગ અલગ નોટબુક,
ભરાય ગૃહકાર્ય થકી.
ગૃહકાર્ય કેરી ભરમારમાં,
અટવાયો બિચારો બાળક.
ભાર વગરનું ભણતર,
વાત રહી માત્ર ફાઈલમાં.
ફાઈલોનાં ઢગલા મહીં,
ધૂળ ખાતો આ કાયદો.
બાળક કરે પ્રભુ પ્રાર્થના,
કરાવવા કાયદાનો અમલ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**: NOG SS NO - 0001**

વિષય - શિક્ષણ,કેળવણી....

વિભાગ - પદ્ય.

શીર્ષક - શાળા ઉત્સવ.

પ્રભાત થયું...પ્રભાત થયું....!
શાળાનાં આંગણે,પ્રભાત થયું,
ફરી ફૂલો મહેક્યાં..!
ફૂલો મહેક્યાં,પંખી ટહુક્યાં....!
શાળા પ્રવેશોત્સવ ઉજવાય....!
રંગે - ચંગે,હર્ષ- ઉલ્લાસે...!
ભાઈ - બહેન મિત્રો સંગાથે...!
કહેર કોરોનાનો દૂર થયો...!
વિજય ધ્વજ લહેરાયો..!
સૌ સંગાથે શાળાએ આવ્યાં...!
સ્વચ્છતાનાં પાઠ શીખ્યાં....!
તનથી દૂર મનથી નજીક આવ્યાં...!
અંતર મનનાં ઓછાં થયાં...!
જીવન ફરી ગતિશીલ થયું...!
પૃથ્વી પર જાણે નવસર્જન થયું...!
ભૂતકાળ ભૂલી સૌ પોતાના કાર્યમાં ગૂંથાયાં..!
પ્રભાત થયું...ભાઈ...સોનેરી પ્રભાત થયું....!

પ્રદીપ રાવલ (ગ્રુપ સંચાલક)

---

**NOG SS NO- 0088**

વિષય શબ્દ- શાળા, શિક્ષણ, કેળવણી, તાલીમ, અભ્યાસ..

પ્રકાર- પદ્ય

શિર્ષક - હું નિશાળ વિશાળ..

હું નિશાળ.., એના અર્થે બહું વિશાળ..
મારા રે આંગણાંમાં ઊગે છે, ટમટમતી..
હજારો આગિયાસી આંખો..
મારા લહેરાતા પાલવનાં પડાવ નીચે,..
કેવાં રૂડાં, ઊમટે છે બાળગોપાળ..
મારા હૈયાનાં પટાંગણમાં, દડબડતી દોડે છે..
નાનીશી પગલીઓને, ઊડે છે ચોમેર યાદોની ધૂળ..
મારા હેતની જ્ઞાન હવેલીમાં, ફૂટે છે,..
ચોરેને ચૌટે, ખિલખિલાટ હાસ્યનાં અદ્ભૂત ફૂવારા..
ગુરૂના જ્ઞાનથી દીપશે, પામશે સાચી કેળવણીને,..
હું અડીખમ,અદ્ભૂત સાક્ષી બનીશ જ્ઞાનયજ્ઞની..
મારા વિદ્યાનાં વનમાં, હું તો રોપું છું,..
કુમળા રોપાને..
સમયની સંગે તે મહોરશે થઈ મલપતા વૃક્ષ,..
ક્યારેક હુંયે, એક એક ઈંટથી ચણાતી..
ઊગીને, વધીને, મહોરી હોઈશ.. ને હવે,..
મારાં રોપેલાં,.. એમજ રોપશે,.. ને મહોરાવશે..
શીખશે,..શીખવશે,..ખીલશે,..ખીલવશે,..ને..
સમાજમાં સર્વત્ર મઘમઘતી સુવાસ પ્રસરાવશે..
તેથીજ કહું છું.. હું નિશાળ છું વિશાળ..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS NO:004**

વિષય: મહાશિવરાત્રી

પ્રકાર: પદ્ય

શીર્ષક:શિવ

ડમ ડમરુ ધારણ કરે ત્રિશૂળ હાથે ધરી
વિષ ઘૂંટડે નીલકંઠ હે!
શીરે જટામાં ધારણ કરે ગંગા સરિતા
ધરી ગળે સર્પ તે વાઘ્ર ચર્મ હે!
ભૂભૂતિ અંગે ધારણ કરે
ક્રોધે ત્રિનેત્ર ધરી રંગે જોગીડો ગૌરી પતિ હે!
કરી પૂજન કમળ ચઢે રીઝે મનડું ધરી
શિવ મહિમા શિવરાત્રી હે!
મહા શિવરાત્રીની શુભેચ્છાઓ

જયશ્રી પટેલ

### દેડીયાપાડા ખાતે "રૂર્બન ગટર યોજના"

# સાફ સફાઈમાં મૃત્યુ પામેલાના પરીવારોને મુખ્યમંત્રી રાહત ફંડ માંથી સહાય આપવાની કરી માંગ

રાજપીપળા, તા, ૧૮

દેડીયાપાડા ખાતે "રૂર્બન ગટર યોજના" સાફ સફાઈમાં મૃત્યુ પામેલાના પરીવારોને મુખ્યમંત્રી રાહત ફંડ માંથી સહાય આપવાની માંગ કરી ડેડિયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાએ મુખ્યમંત્રીને પત્ર લખીકરી લેખિત રજૂઆત કરી છે. પત્ર મા જણાવ્યુ છે કે નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના બજારમાં અગાઉ ૫ વર્ષ પહેલા માર્ગ અને મકાન વિભાગ હેઠળ ગંધા પાણીના નિકાલ માટે "રૂર્બન ગટર યોજના" બનેલ છે. જેમા એજન્સી દ્વારા તકલાદી કામ કરેલ હોય હાલમાં કોઈ પણ જાતની જાળવણી કરવામાં આવતી ન હોવાથી ઠેર ઠેર દુર્ગંદ પાણી ઉભરાય છે. બજારની વચ્ચોવચ અને તાલુકા પંચાયતની કચેરીની સામે ગટર બ્લોક ઇઈ જવાથી ઉભરાઈને દુર્ગંદ પાણી રસ્તા પર ફરી વળ્યા હતા ત્યાં સરકારી કચેરીઓ આવેલ હોય જેથી લોકોની પણ અવર જવર વધારે હોવાથી તાલુકા વિકાસ અધિકારી દેડીયાપાડા દ્વારા ગ્રામ પંચાયતને "રૂર્બન ગટર યોજના"ની સાફ સફાઈ કરવાની નોટીસ આપતા તા. ૦૧/૦૩/૨૦૦૧ના રોજ ૧ધર્મેશભાઈ સંજયભાઈ વસાવા ૨. રોહીતભાઈ દાદુભાઈ વસાવા ૩.સોમાભાઈ નાનજીભાઈ વસાવા તમામ રહે. દેડીયાપાડા જેઓ ગટર સાફ સફાઈ કરવા જતા અચાનક ઝેરી ગેસ નિકળવાથી ત્રણે જણા જગ્યા પરજ મૃત્યુ પામેલ હતા. જેઓ ગામના લોકોનું આરોગ્ય અને સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી સાફ સફાઈ કરવા ગયા હોય જેમનું મૃત્યુ થવાથી એમનો પરીવાર નિરાધાર બની ગયેલ છે. જેથી એમના પરીવારજનોના જીવન નિર્વાહ માટે મુખ્યમંત્રી રાહત ફંડમાથી સહાય આપવાભલામણ કરી છે.જ્યોતિ જગતાપ,રાજપીપળા



લોકડાઉનમાં બુટલેગરનો સાથ આપવાના કારણોસર અને પ્રામાણિક પોલીસ અધિકારીની સામે પડવા બદલ છેલ્લા સમયે પોલીસ અધિકારી એ ગાંધીનગરમાં ફરિયાદ કરતા પ્રમુખના નામ બદલાયા હોવાની ચર્ચાએ જોર પકડયું છે.જેમાં વહેતી થયેલી ચર્ચા મુજબ દક્ષાબેન રોહિતનું પ્રમુખ પદ જોખમમાં મુકાયું હતું.અને ત્યાર બાદ તેની સામે સ્વચ્છ પ્રતિભા અને નખશીખ પ્રામાણિક આદિવાસી મહિલા તારાબેન રાઠોડ દેડિયાપાડાં તાલુકા પંચાયત પ્રમુખ બનાવી દેવાયા હતા...સૂત્રો પાસેથી મળેલ માહિતી પ્રમાણે દેડીયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તારાબેન રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે માધુસિંહ તડવીની તથા કારોબારી ચેરમેન તરીકે દક્ષાબેન વસાવા તથા પક્ષના નેતા તરીકે રમેશભાઈ વસાવા અને દંડકક તરીકે નંદાબેન વસાવાની નિમણુંક કરવામાં આવી છે.

# મહાનગરોમાં પરીક્ષામાં કોરોના ફેલાય પરંતુ અન્ય સ્થળોએ ધો.૯ અને ધો.૧૧ ની ઓફલાઈન પરીક્ષા લવાશે

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓ પછી કોરોના બેકાબુ બન્યો છે રાજ્યમાં વધી રહેલા કોરોનાના સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકારે વધુ એક નિર્ણય કર્યો છે. સરકારે સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો છે રાજ્યમાં આવેલા મહાનગરોમાં ૧૦ એપ્રિલ સુધી સ્કૂલ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ રહેશે તેમજ પરીક્ષાઓ પણ પાછી ઠેલાવવામાં આવી છે ત્યારે મહાનગરો સિવાય અન્ય સ્થળોએ ઓફલાઈન પરીક્ષાઓ યથાવત રાખવામાં આવતા લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે સરકારના નિર્ણયશક્તિ સામે અનેક સવાલ પેદા થયા છે સમગ્ર રાજ્યમાં શુક્રવાર થી ધો.૯ અને ધો.૧૧ ની પરીક્ષા લેવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે આખું વર્ષ ઓનલાઈન અભ્યાસ પછી ઓફલાઈન પરીક્ષા માટે આગ્રહ રાખવામાં આવતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે .મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે મોડાસા શહેરની ફાર્મસી કોલેજના ત્રણ પ્રોફેસર પણ કોરોનાગ્રસ્ત બન્યા છે ત્યારે શુક્રવાર થી ધો.૯ અને ધો.૧૧ ની પરીક્ષા શરુ થઇ રહી છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે રાજ્ય સરકારે કરેલ નિર્ણય સામે અનેક સવાલ પેદા થયા છે અને મહાનગરોની માફક કોરોનાગ્રસ્ત જીલ્લા અને શહેરોમાં પણ પરીક્ષા મોકૂફ રાખવામાં આવે કે પછી ઓનલાઈન પરીક્ષા લેવામાં આવેની વાલીઓમાં માંગ પ્રબળ બની છે ધો.૯ અને ધો.૧૧ ની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવેની લોક માંગ પ્રબળ બની છે કેટલાક વાલીઓએ જણાવ્યું હતું કે જાણે કે મહાનગરોના જ વિદ્યાર્થીઓ માં કોરોના ફેલાતો હોય અન્ય વિદ્યાર્થીઓ કોરોના પ્રુફ હોય તેવો હાસ્યાસ્પદ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# એક સમયના કોંગ્રેસી કર્મઠની સંવેદના..

ગુજરાત કોંગ્રેસ કેવી રામ ભરોશે ચાલે છે તેનો ઉતમ નમૂનો છે....જે જંગ મા તેનો સૈનિક ગદધારી કરે અને પછી તેને બઢતી આપી કર્નલ બનાવી દેવા મા આવે તો તે જંગ મા વફાદારી થી...યુદધ લડતાઓ હોય તેમની હાલત શુ થાય તેની કલ્પના પણ ન કરી શકાય..અને તે જંગ કોઇ દિવસ જીતી શકાય નહી.... ગુજરાત કોંગ્રેસ ૩૫ વર્ષ થી વિધાનસભા ની ચૂંટણીઓ કેમ નથી જીતી શકતી તેનો ઉતમ નમૂનો છે....જયા શિસ્ત જેવુ નામો નિશાન નથી... રામ ભરોશે....લશ્કર કયા લડે છે...કોની સામે લડે છે..કેમ લડે છે...શુ કામ લડે છે....કોઇ રણીધણી નહી..કોઇ કહેનાર



નહી..કોઇ રોકનાર નહી....વફાદારી ની કોઇ કિંમત નહી...જેને જવુ હોય જાય જેને જે કરવુ હોય તે કરે.રેઢા ખેતરો ભૂંડ ચરી જાય..આખાલો ચરી જાય અને વરશો થી વફાદારી કોંગ્રેસ ના કાર્યકરતાઓ ને ભાગે જુઠા વચનો લોભામણી કોણીએ ગોળ લગાવી ચાટવા નો જાસા...વર્તમાન મા જુઠા સપના ના વાવેતર....અને તેમની જીંદગી બરબાદ કરવાનુ આયોજન... ગુજરાત કોંગ્રેસના નેતાઓ પંચ વર્ષીય આયોજન કરી રહયા છે દર વરશે ૫ સીટો વિધાનસભા ની જીતવાની પજી ૧૫ જતા રહે એટલે હતા તયાના તયા આ એવરેજે ૨૦૫૦ મા ગુજરાત મા ગુજરાત કોંગ્રેસ સતતા હાંસલ કરી શકે તેમ નથી....કોઇ ચમત્કાર થઈ શકે તેમ નથી.....તેનો વિકલ્પ આવનારા દિવસો મા મળી જાય તો નવાય નહી....?.

વેદના....સંમવેદના ની

જયેશ ગેડીયા..

### ૬ તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થઈ

# અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ અને ઉપ પ્રમુખ કનુભાઈ મેણાત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપનો ભારે દબદબો જોવા મળ્યો હતો જીલ્લા પંચાયતની ૩૦ બેઠકો પૈકી ૨૪ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે ચૂંટણીમાં પ્રમુખ તરીકે ભિલોડા તાલુકાની કિશનગઢ સીટ પરથી વિજેતા બનેલા લાલસિંહ ચૌહાણ અને ઉપપ્રમુખ તરીકે મેઘરજ તાલુકાની પંચાલ બેઠક પરથી વિજેતા બનેલા કનુભાઈ બદાભાઈ મેણાત ની જાહેરાત કરતાં વરણી કરવામાં આવી હતી પ્રમુખ-ઉપપ્રમુખની નિમણુંક થતા તેમના ટેકેદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ફટાકડા ફોડી ડીજેના તાલે ઝુમી ઉઠ્યા હતા પ્રમુખ અને ઉપપ્રમુખ પદે ચૂંટાઈ આવેલા આ બંને હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

મોડાસા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે બિપીન પટેલ અને ઉપ પ્રમુખ તરીકે હિનાબેન લાલસિંહ ચૌહાણ, ભિલોડા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે તરલીકાબેન બંકિમચંદ્ર તબીયાર અને ઉપ પ્રમુખ તરીકે પારૂલબેન નિલેશભાઈ પંચોલી,મેઘરજ તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન લક્ષ્મણભાઈ ધમલાવત અને ઉપ પ્રમુખ તરીકે ભાનુપ્રતાપ જાડેજા,માલપુર તાલુકા પ્રમુખ તરીકે સંજય પટેલ અને ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ માળીવાડ ,બાયડ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે મંજુલા બેન સોલંકી અને ઉપ પ્રમુખ તરીકે અરવિંદભાઈ ઝાલા તેમજ ધનસુરા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે કિરણબેન તખતસિંહ પરમાર અને ઉપપ્રમુખ તરીકે અમૃતભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી ૬ તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખના નામ જાહેર થતાની સાથે તેમના ટેકેદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો . એકબાજુ જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે બીજીબાજુ બુધવારે જીલ્લા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખ અને ૬ તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની વરણી થતા કોરોના કોરાણે મુકાયો હોય તેમ સભાખંડ અને પરિસરમાં સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા મોટા ભાગના લોકો માસ્ક વગર બિન્દાસ્ત જોવા મળ્યા હતા ત્યારે આગામી સમયમાં કોરોનાનું સંક્રમણ વધે તો નવાઈ નહીં




**બનાસકાંઠા જીલ્લા પંચાયત ના આરોગ્ય વર્ગ ૪ ના વોડ બોય અને સ્લીપર ને રાજ્ય સરકાર દ્વારા ૧૭૬૨૭ રૂ/- પગાર ચૂકવામાં આવે છે... જેઓનો પગાર વચ્ચેલા અધિકારીઓ દ્વારા ૮૯૧૦ રૂ/- ચૂકવામાં આવે છે તો વચ્ચેના ગાળા ની વિસનગતા માટે વોડ બોય અને સ્લીપરો દ્વારા અધિકારીઓ દ્વારા કટકી કરી તોષડુ વર્તન કરતા. તેની રજુઆત યુવાનો દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ વારકીબેન પારધી અને ઉપપ્રમુખ ભુપતજી એન મકવણા તેમજ જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન દિનેશભાઇ પરમાર અને જિલ્લા પંચાયત અપીલ સમિતિના ના સભ્ય જ્યંતીભાઈ રાજગોર અને જિલ્લા પંચાયત યુવા સદસ્ય પુરણસિંહ જે વાઘેલા ને રજુઆત કરી. આ બાબતે ન્યાય અપાવવાની ખાતરી આપી અને... જે વચ્ચે નો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. રાજદીપ એન્ટ પ્રાઈઝ અને આરોગ્ય શાખા વાળાનો તેને બહાર લાવવાની ખાતરી આપી હતી....**

**(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)**

### મારામારીમાં ત્રણ ને ઇજા,૮ ઇસમો સામે ફરિયાદ

# નાંદોદના ગામકુવા ગામે ઝઘડાની અદાવતે ધારિયા પાઈપ વડે હુમલો

રાજપીપળા,તા. ૧૮

નાંદોદના ગામકુવા ગામે ઝઘડાની અદાવતે ધારિયા પાઈપ વડે હુમલો કરવા ઉપરાંત પથ્થરમારો, મોટરસાયકલની તોડફોડ, પાણીની બોટલનો મારો કરતા ઝાપાઝપી મારામારીમાં ત્રણને ઈજા થતા ૮ ઈસમો સામે આમલેથા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી આશિષભાઈ મનોજભાઈ વસાવા (રહે, ગામકુવા વેરાઈ ફળિયું )એ આરોપી રાજનભાઈ સોમાભાઈ વસાવા, વિપુલભાઈ છત્રાસિંગભાઈ વસાવા,લતેશભાઈ રૂપેશભાઈ વસાવા, અનિલભાઈ સોમાભાઈ વસાવા, હિતેશભાઈ સુખાભાઈ વસાવા,દેવરાજભાઈ જેકણભાઈ વસાવા,છત્રાસિંગભાઈ જેહરભાઈ વસાવા, રમેશભાઈ છત્રાસિંગભાઈ વસાવા તમામ (રહે, ગામકુવા )સામે કરી છે.

ફરિયાદની વિગત મુજબ ફરિયાદી ધારીખેડા સુગર સામે આવેલ દુકાન ઉપર સોડા પીતો હતો તે વખતે આરોપી રાજનભાઈ,વિપુલ, લતેશભાઈ તેઓની પાસે જઈ તું કેમ ગાળો બોલતો હતો.

તેમ કહેતા ફરિયાદીએને ક્યાં ગાળો બોલેલ છે.તેમ કહેતા આરોપી રાજનભાઈ,આશિષભાઈ ને પાણીની બોટલ મારી ત્રણેય ઢીકાપાટું માર મારેલ. જે ઝઘડાની અદાવત રાખી તમામ આરોપીઓએ એકદમ થઈ આશિષભાઈને મારવાનો ઈરાદો કરી ગામકુવા બસ સ્ટેશન પાસે તેઓને રોકી પકડી ઢીકાપાટુનો મારમારી તેઓને બુલેટ મોટરસાયકલ નંબર જીજે ૨૨ એમ ૭૪૨૧ ને તોડી નુકસાન કરેલ. તેમજ બીજા આરોપીઓ સાહેદ પ્રવીણભાઈ રસિકભાઈ વસાવાની ધારીખેડા સુગર ખાતે માથામાં પથ્થર મારી ઈજા કરી તેમજ મોટા દીકરા રાકેશભાઈ રતિલાલભાઈને માર મારવાનો એક સમાન ઈરાદો પાર પાડવા માટે એક સંપ થઈ મારક હથિયારો લઈ ગામકુવા ખાતે ભેગા થઈ રાકેશભાઈની પલસર મોટરસાયકલને નંબર જીજે ૨૨ એફ ૧૫૦૮ ને રોકી આરોપી દેવરાજભાઈ એ ધારિયાથી તેઓને માથામાં આગળના ભાગે ઈજા કરી તથા છત્રાસિંગે રાકેશભાઈને ડાબા હાથે બાવળાના ભાગે લોખંડની પાઈપ મારી મૂઢ ઈજા કરેલ.તેમજ વિપુલભાઈએ રાકેશભાઈ ને પકડી ઝપાઝપી કરી મોટર સાયકલ પરથી નીચે પાડી દઈ તેમજ બીજા આરોપીઓએ પલ્સર મોટરસાયકલ તોડી નુકસાન કરી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### ખાનગી શાળાની દાદાગીરી

# મોડાસામાં ખાનગી શાળામાં વાલી ફી નહીં ભરી શકતા છાત્રને પરીક્ષાનું પેપર પત્ર નહીં આપતા કલેકટરને રજુઆત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં શાળાની દાદાગીરી ની ઘટના સામે આવી છે જેમાં કોરોનાની કપરી સ્થિતીમાં મોડાસાની ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલી ફી ભરવામાં અસમર્થ રહેતા શાળાના આચાર્ય ધો.૩ માં અભ્યાસ કરતા છાત્રને પેપર પત્ર નહીં પરીક્ષાથી વંચીત રાખવામાં આવતા વિદ્યાર્થીના પરિવારજનો સમસમી ઉઠ્યા હતા અને છાત્રના પિતાએ આચાર્ય સાથે ટેલીફોનીક વાતચીતનો ઑડીયો પણ વાયરલ થયો હતો ત્યારે વિદ્યાર્થીના વાલીએ આ અંગે જીલ્લા શીક્ષણ વિભાગમાં રજુઆત કરવા છતાં




ન્યાંય નહીં મળતા પરિવારજનો સાથે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વિદ્યાર્થીને પરીક્ષા થી વંચીત રાખનાર આચાર્ય સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી .મોડાસા શહેરની મખદૂમ ચોકડી નજીક આવેલ ખાનગી પ્રાથમિક શાળા માં ત્રીજા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીની ફી નહીં ભરી હોવાથી ૧૫ માર્ચના રોજ શરૂ થયેલી પ્રથમ સત્રની પરીક્ષા નાં પેપર આપવાથી વિદ્યાર્થી ને વંચીત રાખવામાં આવ્યો હતો આ મામલે વિદ્યાર્થીના વાલી અને શાળાના આચાર્ય વચ્ચે ની ટેલિફોનિક વાતચીત નો ઓડિયો પણ વાયરલ થયો હતો.

બાળક ના વાલી દ્વારા પૂછવામાં આવ્યું તો પહેલા લોકડાઉન ની ફી ભરપાઈ કરો ત્યારબાદ જ પરીક્ષા આપવાનું જણાવવામાં આવ્યું હતું..સમગ્ર ભારત સહિત વિશ્વભરમાં કોરોના ના કારણે લોકડાઉન ને કારણે લોકોના ધંધા રોજગાર પર મોટી અસર પડી છે એમાંય ગરીબ અને મધ્યમ વર્ગ ના લોકો ની હાલત અત્યંત દયનિય બની છે જેને લઈ લોકો ને ગુજરાન ચાલવું પણ મુશ્કેલ બની રહ્યું છે ત્યારે કોરોના સમય માં કોઈપણ શાળા ને વિદ્યાર્થી અને વાલી પર ફી માટે દબાણ ન કરવા સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે ત્યારે મોડાસાની ખાનગી પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થી ને ફી નહીં ભરપાઈ કરતા પરીક્ષા માં નહીં બેસવા દેવાની મનમાની સામે આવતા વાલીઓ માં રોષ ની લાગણી જોવા મળી છે સાથે જ વિદ્યાર્થીના પિતાએ અરવલ્લી જિલ્લા કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી ને લેખિત માં રજુઆત કરી હતી તેમજ ફી માટે દબાણ કરનાર શાળા અને સંચાલકો સામે કાર્યવાહી કરવા માંગ કરી છે

### વધુ એક માનવ જીંદગી કારમાં જીવતી ભૂંજાઈ


# બાયડના સોલંકી પુરા પાટિયા પાસે ડમ્પર સાથે કાર અથડાતા કારમાં આગ લાગતા યુવક જીવતો ભૂંજાયો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં વધુ એક કારમાં આગ લાગવાની ઘટનામાં બાયડના તેનપુર ગામના આશાસ્પદ યુવક કારમાં ભડથું થઈ જતા હાહાકાર મચ્યો હતો બાયડના સોલંકી પુરા પાટીયા નજીક કાર ડમ્પર સાથે અથડાયા પછી કારમાં આગ લાગતા ભડભડ સળગી ઉઠતા કારમાં સવાર યુવક ગણતરીની સેકંડમાં ભડથું થઈ જતા ભારે ચકચાર મચી હતી

ગમખ્વાર અકસ્માતની ઘટનાના પગલે લોકના ટોળેટોળા ઘટનાસ્થળે પહોંચ્યા હતા પણ કારમાં લાગેલી ભીષણ આગના પગલે કાર સવાર લોકોને બચાવવાની કોઈ હિંમત કરી શક્યું ન હતું તેનપુરનો આશાસ્પદ યુવક આગમાં ખાખ થતા બાયડ પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતુ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર



બુધવારે બાયડના તાલુકાના તેનપુર ગામના કિશનભાઈ રાજેશભાઈ પટેલ પટેલ કાર લઈ કામકાજ અર્થે નીકળ્યા હતા

ત્યારે સોલંકીપુરા ગામ નજીકથી પસાર થતા કાર ચાલક યુવકે અગમ્ય કારણોસર સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડ પરથી પસાર થતા ડમ્પર સાથે ધડાકાભેર અથડાઈ હતી ડમ્પર સાથે ટક્કરથી કારમાં ભયંકર આગ લાગતા કાર ગણતરીના સેકંડોમાં આગમાં ખાખ થઈ જતા અકસ્માત બાદ કાર લોક થઇ જતા કાર ચાલક યુવક કિશન પટેલ બહાર ન નીકળી શકતા આગમાં ખાખ થઈ જતા ભારે ચકચાર મચી હતી કારમાં લાગેલી ભયાવહ આગના પગલે કાર ચાલક યુવકને બચાવવા લોકો નિઃસહાય બન્યા હતા અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતના પગલે યુવકના પરિવારજનો અકસ્માત સ્થળે પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી

# મોડાસા ફાર્મસી કોલેજમાં ત્રણ કોરોના પોઝેટીવ કેસ મળી આવતા ૫ દિવસ માટે બંધ




અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના કાબુમાં હોવાની ગુલબાંગો વચ્ચે જીલ્લામાં સતત કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાઈ રહ્યા છે રાજ્ય સરકાર અને જીલ્લા આરોગ્ય તંત્રના કોરોના પોઝેટીવ દર્દીઓમાં ભારે વિસંગતા પ્રવર્તી રહી છે જીલ્લામાં કોરોનાના આંકડા છુપાવવા આવતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે મોડાસા શહેર સહીત જીલ્લાના અનેક દર્દીઓ અમદાવાદ,ગાંધીનગર અને વડોદરા ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે મોડાસા શહેરની ફાર્મસી કોલેજમાં એક અધ્યાપક કોરોના સંક્રમિત થતા કોલેજમાં ફરજ બજાવતા કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરાવતા વધુ બે સ્ટાફના રેપિડ ટેસ્ટ પોઝેટીવ આવતા તાબડતોડ ૫ દિવસ સુધી કોલેજનું કામકાજ સ્થગીત કરી દેવામાં આવ્યું છે ત્યારે પોઝેટીવ પ્રોફેસર અને સ્ટાફના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓ અને લોકોમાં ફફડાટ ફેલાયો છે . ગત વર્ષે કોરોના સંક્રમણ શરૂ થયા પછી અરવલ્લી જીલ્લામાં કોરોના ડેથ રેસિયો સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે રહ્યો હતો અનેક લોકોને કોરોના ભરખી ગયો હતો ત્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પછી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં આવેલા નામાંકિત વેપારીને કોરોના થતા તાબડતોડ અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા સારવાર દરમિયાન વેપારીને કોરોના ભરખી ગયો હતો વેપારીના પુત્ર અને પુત્રવધુ પણ કોરોનામાં સપડાતા હોમકોરન્ટાઈન થયા છે ઘરવખરી અને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓનું હોલસેલ ભાવે વેચાણ કરતા વેપારી અને તેના પુત્રના સંપર્કમાં અનેક લોકો આવ્યા હોવાથી લોકોમાં ફફડાટ ફેલાયો છે

### ફુટપાથ,ગરનાળા, સર્વીસ રોડ પરનાં દબાણો દૂર કરવામાં તંત્રને કયો ગ્રહ નડે છે?

# કાંકરેજ તાલુકાના થરા પાલીકા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાથી લોકો પરેશાન..



માર્કેટયાર્ડ સામેના ગરનાળા આગળ ખાનગી રીક્ષાઓનો અડિંગો જમાવીને બેઠા છે તો ટોટાણા-હારીજ રોડ સામેના ગરનાળામાં શાકભાજીની લારીવાળાઓ માસ્ક વગર બુમાબુમ કરી રહ્યા છે ટ્રાફિક સામે પાલીકામાં તંત્ર મૌન બની તમાશો જુએ છે ત્યારે થરા પી.એસ.આઈ. એમ બી દેવડા કડક વલણ અપનાવે તેવી લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

કોરોનાની મહામારી વચ્ચે વહેપારી મથક થરામાં ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે એક બાજુ કોરોનાએ ફરી દેશમાં માથું ઉંચક્યું છે તેમજ મોટા શહેરોમાં લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે ત્યારે થરામાં ટ્રાફિકની સમસ્યા વકરતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે દરરોજ સવારે દસ થી સાડા અગિયાર વાગ્યામાં માર્કેટ યાર્ડ સામે ગરનાળાથી લઈ ટોટાણા-હારીજ રોડ ગરનાળા તેમજ નગરપાલિકા કલાકો સુધી લાંબી લાઈનો લાગે છે એક બાજુ સ્કૂલ-કોલેજની પરીક્ષામાં જવાનો ટાઈમ હોવાથી વિદ્યાર્થીઓ ટ્રાફિકના લીધી સ્કૂલ-કોલેજની પરીક્ષામાં જવામાં ભારે મુશ્કેલી પડે છે

વિદ્યાર્થી ને સાંજે શાળા છૂટે ત્યારે પણ ટ્રાફિકને લઈ હેરાન પરેશાન થતાં હોય છે ત્યારે આજે ટ્રાફિક ના કારણે ૧૦૮ ઈમરજન્સી વાન પણ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેતી જોવા મળે છે થરામાં જ્યાં જુઓ ત્યાં વાહનો આડેધડ પાર્ક કરેલા જોવા મળી રહ્યા છે કારણ કે સર્વીસ રોડ ના ફુટપાથ સહીતની ખુલ્લી જગ્યામાં મનફાવે તેમ કેબીન ગલ્લા લારી મૂકી દબાણ કરી જરૂરીયાત મંદ લોકોને રૂ. ચાર હજાર થી લઈને પંદર હજાર સુધી ભાડે આપ્યા છે જેને ખાલી કરાવવામાં પાલીકા તંત્ર નિષ્ક્રિય રહી દબાણ બાબતે નેશનલ હાઈવે ઓથોરિટી નો વાક કાઢી પોતાનો લૂલો બચાવ કરે છે.

થરા નગરમાં બંને તરફના સર્વીસ રોડ, ફુટપાથ, ગરનાળામાં આડેધડ દબાણકર્તાઓ કેબીન,ગલ્લા, લારીઓ મુકીને દબાણ કરી કેટલાક જરૂરિયાતમંદ લોકોને પાઘડી અને ભાડાથી આપ્યાં છે ,પાલીકા,પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટીના કર્મચારીઓ જાણતા હોવા છતાં મૌન બની તમાશો જોઈ રહયા છે. ચૂંટાયેલા લોકસેવકો પણ મતબેક તૂટવાના ભયથી મૂકસેવક બનતાં પ્રજા અને વિધાર્થીઓ, વાહન ચાલકો મૂશ્કેલી ભોગવી રહેલા જોવા મળે છે.

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# ગુજરાત વહીવટી,મુલકી,નગરપાલિકા મુખ્ય અધિકારી સેવાની પરીક્ષાને લઈને પ્રતિબંધિત હુકમો જાહરે કરાયા

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાત વહીવટી સેવા,વર્ગ-૧,ગુજરાત મુલકી સેવા વર્ગ-૧/૨, ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પ્રિલિમિનરી પરીક્ષા યોજાવાની છે . જે અંતર્ગત અરવલ્લીના મોડાસા તાલુકાના જુદા જુદા સેન્ટરો પર આગામી સમયમાં તા. ૨૧ માર્ચ ૨૦૨૧ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦ કલાકે તથા બપોરના ૦૩.૦૦ થી ૦૬.૦૦ ગુજરાત વહીવટી,મુલકી,નગરપાલિકા મુખ્ય અધિકારી સેવાની પરીક્ષા યોજાનાર છે. જેમાં મોડાસાના ૧૭ સેન્ટરો પર પરીક્ષા લેવાશે. જે અંતર્ગત મોડાસામાં પરીક્ષા સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસાર સી. આર. પી. સી. ની. કલમ-૧૪૪ મુજબ પ્રતિબધિત હુકમો જાહેર કરાયા.

આર.જે.વલવી. જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,અરવલ્લી,મોડાસા,ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના વિવિધ કેન્દ્રો પર આગામી સમયમાં તા. ૨૧ માર્ચ ૨૦૨૧ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦ કલાકે તથા બપોરના ૦૩.૦૦ થી ૦૬.૦૦ ગુજરાત વહીવટી,મુલકી,નગરપાલિકા મુખ્ય અધિકારી સેવાની પ્રિલિમિનરી પરીક્ષા યોજાનાર છે. જેને પગલે પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અરવલ્લી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમયે મોબાઈલ,સેલ્યુલર ફોન,પેજર,કાર્ડલેસ ફોન, સ્માર્ટ વૉચ,ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું નહીં અથવા ભેગા થવું નહીં કે સૂત્રો ઉચ્ચારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં. પથ્થર કે અન્ય પદાર્થ લઈ જવા નહીં તથા પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા પર પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા. આ હુકમોનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રી ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.